ગાંધીનગર સમાચાર
તા. ૧૨-૩-૨૦૧૨, મંગળવાર

## તંત્રી સ્થાનેથી.....

### દાંડી કૂચના પુનિત પર્વે 'ગાંધીનગર સમાચાર'ની શબ્દકૂચ

જુલ્મી બ્રિટીશ રાજના મીઠા સંબંધી કાયદાનો ભંગ કરવા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ સાબરમતી આશ્રમથી એમનાં ચુનંદા સત્યાગ્રહીઓ સાથે ઐતિહાસિક દાંડીકૂચનો પ્રારંભ કર્યો તે દિવસે ભારતનાં સ્વાતંત્ર્યની તવારીખમાં સુવર્ણાક્ષરે અંકિત થયેલો છે. ૧૨ માર્ચ, ૧૯૩૦ના એ મંગળ પ્રભાતે ચંદ્રભાગા પુલ પરથી પસાર થતાં અગાઉ એકસઠ વર્ષના એ 'જુવાન ડોસલા' (સંદર્ભ : કૃષ્ણલાલ શ્રીધરાણી)એ ભીષ્મ પ્રતિક્ષા કરી હતી : કાગડા-કૂતરાની મોતે રઝડી-રઝડીને મરીશ પણ આઝાદી લીધા વગર આશ્રમમાં પગ નહીં મુકું. આ પ્રતિજ્ઞા એમણે અક્ષરશઃ પાળી બતાવી હતી. ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનનું અધ્યક્ષપદ શોભાવતાં ૧૯૩૬માં મહાત્મા ગાંધી અમદાવાદ જરૂર પધાર્યા હતા, પણ આશ્રમમાં નહોતા ગયા. તદ્દન મામૂલી કહેવાય તેની જિંદગી જરૂરિયાત જેવું મીઠું પણ હિંદની ગરીબ પ્રજા માટે દોહ્યલું બનાવી દેનારી અંગ્રેજ સરકાર માટે દાંડી સત્યાગ્રહ ખતરાની ઘંટી સાબિત થયો હતો. દેશ આખો જાગી ઉઠ્યો હતો અને ગુલામીની ધૂંસરી ફગાવી દેવા મોંઘામાં મોંઘુ બલિદાન આપવા કૃત સંકલ્પ બની રહ્યો હતો. આપણાં પ્રમુખ રાષ્ટ્રીય પર્વોમાં રાષ્ટ્રપિતાના જન્મદિવસ અને નિર્વાણદિન જેટલો જ બલકે સ્વાતંત્ર્ય દિન અને પ્રજાસત્તાક દિવસ જેટલો જ મહિમા આ ૧૨મી માર્ચના દાંડીકૂચ દિવસનો પણ થવો ઘટે. સુયોગ પણ કેવો! આપનું પ્રિય દૈનિક બલકે સવારનું શિરામણ એવું આ અખબારે પણ સત્યાવીસ વર્ષ પૂર્વે ઘણી લીલી સૂકી જોઇ છે, અનેક સરકારો રચાતી, વીખરાતી જોઇ છે, અનેક નેતાઓનાં ઉદય અને અસ્ત ઉપરાંત, ગાંધીનગરનો ચહેરો બદલાતો નિહાળ્યો છે. ગાંધીનગરની આમજનતાનો અવાજ બની રહેવાનું સદ્‌ભાગ્ય સાંપડયું એને અમે મા શારદાની કૃપા સમજીએ છીએ. નગરના ખૂણે ખૂણા માટે 'ગાંધીનગર સમાચાર'માં ખાસ અનામત સ્થાન છે. ગાંધીનગર શહેરની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને કલાજગત તેમજ શૈક્ષણિક સંસ્થાઓનો આ નાનકડા અખબાર પર એક વણલખ્યો, જન્મસિધ્ધ અધિકાર છે. નગર અને જિલ્લાના સર્જકો હોંશે હોંશે એમની કૃતિઓનો પ્રસાદ વહેંચતા રહે છે એનો અમને આનંદ છે. રાજનગરનું સંસ્કારી નગરીમાં રૂપાંતર થતું નિહાળી 'ગાંધીનગર સમાચાર' હરખનાં હિલોળા લે છે. શબ્દની કૂચ હરદમ આગળ વધી રહી છે. યૌવનમાં જાગવા જોઇએ એવા અભરખા 'ગાંધીનગર સમાચાર'ને પણ જાગે છે. એ નવાં રંગરૂપ અને સાજસજ્જા સાથે પોઝિટીવ - વિધેયાત્મક અભિગમ સાથે નગરજનોના તાલે તાલ મિલાવતું આગળ ધપવા માગે છે. આપનું અખબાર છે, એને તમારે જ સંભાળવાનું છે. માણસ છીએ એટલે ક્યાંક કશી ચૂક પણ થઇ હોય, અજાણતાં જ કોઇને અન્યાય પણ થઇ ગયો હોય. બધું જ શક્ય છે. પરંતુ આજે એનાં પ્રાગટ્યપર્વે શાશ્વત મહામાનવની સાક્ષીએ આપને ખાતરી આપીએ છીએ એ એવી કોઇ ભૂલ અમે જાણી જોઇને ન જ કરી હોય. સતત જાગ્રત લોકપ્રહરી તરીકે 'ચોથી જાગીર' ગણાતી અખબારી આલમના ફાળે જે કંઇ ફરજ બજાવવાની આવી છે તે અમે અહર્નિશ બજાવવાની પ્રામાણિક કોશિષ કરી છે. હજી ઘણો લાંબો પંથ કાપવાનો છે. મંઝિલ સુધી પહોંચવા માટે આપનાં હૈયું અને હૂંફ - બેઉનો સધિયારો જોઇશે. અમને ખાતરી છે કે એ ઉપલબ્ધ કરાવવામાં ગાંધીનગર શહેર અને જિલ્લાના પ્રબુધ્ધ નાગરિકો ક્યારેક પાછી પાની નહીં કરે.

# ધો-૧૦માં સમાજવિજ્ઞાનનું પેપર મધ્યમકક્ષાનું : પ્રશ્નો ફેરવીને પૂછાયા

## પ્રશ્નોના જવાબ સમજી-વિચારીને આપવા પડે તેવુ પેપર હતું

## ધો. ૧૨માં ૭૦૨૯ વિદ્યાર્થીઓએ અર્થશાસ્ત્રની પરીક્ષા આપી

ગાંધીનગર, તા. ૧૧

ધો. ૧૦માં આજે જિલ્લામાંથી ૨૪૦૩૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જ્યારે ૩૬૭ પરીક્ષાર્થી ગેરહાજર રહ્યા હતા. સમાજ વિજ્ઞાનનું પ્રશ્નપત્ર એકંદરે મધ્યમકક્ષાનું અને સરળ હતુ આમ છતાં કેટલાક એમ.સી.ક્યુ. પ્રશ્નોના જવાબ વિચાર માંગી લે તેવા પુરવાર થયા હતા.

ધો. ૧૦ બોર્ડ પરીક્ષાના મધ્યાંતરે આજે સામાજિક-વિજ્ઞાન વિષયની કસોટી લેવામાં આવી હતી. સમાજનું પ્રશ્નપત્ર પાઠ્યપુસ્તક લક્ષી હતું. આમ છતાં પ્રશ્નોના જવાબ સમજણપૂર્વક આપવા પડે તો પ્રકારના એમ.સી.ક્યુ. પ્રકારના હતા.

સે. ૨૩ સ્થિત શેઠ સી.એમ. હાઈસ્કૂલના વિષય તજજ્ઞ આર.આર. પટેલના જણાવ્યા મુજબ અમુક પ્રશ્નો ફેરવીને પુછાયા હતા જેથી વિદ્યાર્થીઓને સમજી વિચારીને જવાબ આપવાની કાળજી રાખવી પડી હતી. જ્યારે વિભાગ-૨માં અત્યંત સરળ પ્રશ્નો પુછાયા હતા. ધો. ૧૦માં પ્રારંભે ગુજરાતી વિષયનું પ્રશ્નપત્ર સરળ નિકળતા વિદ્યાર્થીઓ ખુશહાલ જોવા મળ્યા હતા જ્યારે એક દિવસની રજા બાદ વિજ્ઞાનનું પ્રશ્નપત્ર અઘરૂ નિકળતા પરીક્ષાર્થીઓ મુંઝાયા હતા. સામાજિક વિજ્ઞાનનું પ્રશ્નપત્ર પણ એકંદરે સરળ નહીં પરંતુ મધ્યમકક્ષાનું હતું. ધો. ૧૦માં ત્રણ વિષયની પરીક્ષા પૂર્ણ થઈ ગઈ છે. જ્યારે બુધવારે ગણિતની પરીક્ષા લેવાશે. ધો. ૧૨માં પણ આજે ઈકોનોમિકલ વિદ્યાર્થીની પરીક્ષા લેવાઈ હતી. જિલ્લામાંથી ૭૦૨૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જ્યારે ૬૮ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.

# અખિલ ભારતીય બાળ શૈક્ષણિક મહોત્સવ-૨૦૧૩ યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત શૈક્ષણિક ટેકનોલોજી ભવન અમદાવાદ અને સેન્ટ્રલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ એજ્યુકેશનલ ટેકનોલોજી નેશનલ કાઉન્સીલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ અને ટ્રેનિંગ નવી દિલ્હીના સંયુક્ત ઉપક્રમે ૧૮મો અખિલ ભારતીય બાળ શૈક્ષણિક ઓડિયો-વીડિયો મહોત્સવ-૨૦૧૩ તા. ૧૪મી માર્ચ-૨૦૧૩ને સવારે ૧૦ કલાકે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે યોજાશે.

જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર ખાતે તા. ૧૪મી માર્ચે સવારે ૧૦ કલાકે ૧૮મો અખિલ ભારતીય બાળ શૈક્ષણિક ઓડિયો-વીડિયો મહોત્સવ યોજાશે. જેમાં મુખ્ય મહેમાન તરીકે આંતરરાષ્ટ્રીય શિક્ષણ શાસ્ત્રી પ્રો. આર.એચ. દવે અને ઉદ્‌ઘાટક તરીકે આઈ.એ.એસ. સંગીતા સિંહ અને ડૉ. રાજારામ શર્મા ખાસ ઉપસ્થિત રહેશે. તથા ૧૬મી માર્ચ-૨૦૧૩ના રોજ બપોરે ૩.૩૦ કલાકે મુખ્ય મહેમાન ભૂપેન્દ્રસિંહ ચુડાસમા શિક્ષણમંત્રીના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાશે. એમ સમારંભ સંયોજક ડૉ. લાલસિંહે જણાવ્યું છે.



કડી કેમ્પસમાં આર.એન લલિતકલા અકાદમી દ્વારા રંગારંગ કાર્યક્રમ યોજાયો હતો. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું સંકલન અને શિક્ષણ આપતી આર.એન. લલીતકલા અકાદમી વિદ્યાર્થીઓમાં આંતરિક શકિતની અભિવ્યકિત માટે તાલીમ આપે છે. નૃત્ય, નાટય અને સંગીતની સમજણ અને શિક્ષણ દ્વારા સુંદર વ્યકિતત્વ નિર્માણ કરાય છે. રંગારંગ કાર્યક્રમમાં ૬૦થી વધુ બાળકોએ ભાગ લીધો હતો. **(તસવીર : દિપક જાની)**

## કડી પી.ટી.સી. કોલેજમાં વિશ્વ મહિલા દિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી. પી.ટી.સી. કૉલેજ કેમ્પસ કડીમાં મહિલા દિનની ઉજવણી કરવામાં આવી હતી. શીઘ્ર વકૃતત્વ સ્પર્ધા યોજાઈ હતી. આધુનિક સ્ત્રીનું સમાજમાં સ્થાન, મહિલાનો સમાજમાં ફાળો સ્ત્રી સમાજની જરૂરિયાત વિષે વિચારો રજૂ કરેલ હતા. આધ્યાપિકા મનિષાબેન, દિનેશભાઈ પટેલ, રાજેન્દ્રભાઈએ પ્રાસંગિક પ્રવચન કરેલ હતું.

## એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાથમિક શાળાના શિક્ષકોનો વિદાય સન્માન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના કડી સર્વ વિદ્યાલય સંચાલિત એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાથમિક શાળામાં ૬ઠ્ઠી માર્ચ ૨૦૧૩ના રોજ ચિત્ર શિક્ષિકા સાધનાબેન જોશી અને જી.એ. ભારતીનો વિદાય સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. જેમાં શાળાના દરેક શિક્ષકે ભાગ લઈ વય નિવૃત્ત થતા શિક્ષિકા બહેનોને જીવનની શુભેચ્છા પાઠવી હતી.

શાળામાં ચિત્ર વિષય શિખવતા અને બાળકોમાં રંગોની દુનિયાથી રસ-રુચિ વધારનાર શિક્ષિકા સાધનાબેન જોષીનો વય નિવૃત્તિ વિદાય સન્માન સમારંભ તાજેરમાં યોજાયો હતો. આ પ્રસંગે શાળાના આચાર્યા મિલિસિંહે તથા સહકર્મચારીગણે તેમની ૧૩ વર્ષ અને ૯ માસની દીર્ઘકાલીન સેવાને બિરદાવી હતી અને તેમનો નિરામય જીવનની શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે સ્વૈચ્છિક રીતે નિવૃત્ત થતા જી.એ. ભારતીની પણ ૧૩ વર્ષ ૬ માસની શૈક્ષણિક કામગીરીને સૌએ વખાણી હતી તથા નિવૃત્તિ બાદના જીવનની શુભેચ્છા પાઠવી હતી.

રંગોની દુનિયા સાથે કામ કરતા સાધનાબેન જોશી અને જી.એ. ભારતીના નિવૃત્તિ સમારંભમાં આચાર્યા મિલિસિંહ, સુપરવાઈઝર સેલિનાબેન, શ્રીજીબેન સાથે સવારપાલી અને બપોરપાલીના શિક્ષકોએ-શિક્ષિકા બહેનોએ ખાસ હાજરી આપી હતી. અને તેમની સાથેના સંસ્મરણો તાજા કર્યા હતા તથા બંનેને શુભેચ્છા પાઠવી હતી. શાળા પરિવારે બંને શિક્ષિકા બહેનોને શાળાની યાદગીરી સ્વરૂપે શ્રીનાથજીની છબી આપી ઈશ્વરના આશીર્વાદ સદા તેમની ઉપર વરસતા રહે તેવી અભિલાષા વ્યકત કરી હતી.




પપ્પા, આપણી પરીક્ષા પધ્ધતિ સુધાર માંગે છે... બધા પેપર સેટરો જુનવાણી છે... ફેસ-બુક અંગેનો એક પણ પ્રશ્ન પુછાયો નથી બોલો...!!

## દાંડી બની દીવાદાંડી...!

**આજના 'દાંડીકૂચ દિન' નિમિત્તે,**
**રાષ્ટ્રપિતા ગાંધીબાપુને શત્ શત્ વંદન સહ - સમર્પિત**

ઢ્રિબાંગ! ઢ્રિબાંગ દાંડી પિટાય, સફાળું સૂતુંગામ, જાગે,
બાપુ! તુજ સંગ દાંડી વાટે, માનવ મહેરામણ ભાગે!
બાપુ! તું માનવ નહીં; ખરે, જગનો મહામાનવ લાગે,
દાંડીને દેકારે તે ધર્મયુધ્ધ માંડ્યું, અમ સ્વતંત્રતા માગે!
માંડ્યાં પગરણ સાબર તટેથી, વટ-વચન-વહેવાર કાજે.
તુજ સંગે રૂડી શરણાઈ વાગે ને ઢોલ-નગારાં ગાજે!
અચેતન ભારતે પ્રાણ તેં પૂર્યો, સને ઓગણીસો ત્રીસે,
પગપાળા ચાલી નીકળ્યો તું; ઉત્કટ દેશપ્રેમથી હાંસે!
દાંડી પીટી તેં સબરસ કાજે, દીધી દોટ દાંડી વાટે,
તુજ નામનો જય-જયકાર થાયે, ઘેરઘેર - બજાર હાટે!
પરદેશીઓને કરવા પાંસરા, તેં નમક કાયદો તોડી;
અસરકારની ચળવણ ઉપાડી, તેં પરતંત્રતા ગરદન મરોડી!
દાંડી પંથે પરગણ માંડી, તેં ન લીધી તલવાર - ખાંડી;
ગોરાને તેનો દધિરાહ ચીંધતી, એ 'દાંડી' બની 'દીવાદાંડી!'

**- મૂળજી પરમાર 'દધિ'**

## પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં નાગરિક સંરક્ષણ અંગે તાલીમ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરના સેક્ટર-૭માં આવેલી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં તાજેતરમાં સ્પોર્ટસ અને એન.સી.સી. અંતર્ગત ચાર દિવસની નાગરિક સંરક્ષણ અંગેની બેઝીક તાલીમ શિબિર યોજાઈ હતી.

નાગરિક સંરક્ષણ તાલીમ શિબિરમાં ગાંધીનગર યુનિટના નાયબ નિયંત્રક આર.બી. પટેલના માર્ગદર્શન હેઠળ જરૂરી માહિતી પોલીસ ઈન્સ્પેક્ટર આર.એન.નાઈ તથા મદદનીશ સ્ટાફ અંજના નિમાવત, ડૉ. મહાવીર નિમાવત, ઈબ્રાહિમ ફકીર અને અંકિતાબેન, જીગીશાબેન ઉપાધ્યાય વગેરેએ આપી હતી. સમગ્ર તાલીમ શિબિર યોજવામાં કોલેજના આચાર્ય ડૉ. ઊર્મિલાબેન ચૌધરી અને અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ તેમજ ટ્રસ્ટીઓએ સાથ-સહકાર આપ્યો હતો. તાલીમનું સમગ્ર આયોજન વિનુભાઈ ચૌધરી અને પ્રા. સોનલ મોદીએ કર્યું હતું.

## ગવર્મેન્ટ આર્ટસ કોલેજના વિદ્યાર્થીઓએ મુકિતધામની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના સેકટર-૧૫ની ગવર્મેન્ટ આર્ટસ કોલેજના વિદ્યાર્થીઓએ તાજેતરમાં મુકિતધામની મુલાકાત લઈ અગ્નિસંસ્કાર વિશેના નવા મૂલ્યોની માહિતી મેળવી હતી.

સરકારી કોલેજનાં સમાજશાસ્ત્રની અનુસ્નાતક એમ.એ. સેમીસ્ટરના ૨૫ વિદ્યાર્થીઓએ તાજેતરમાં મુકિતધામની મુલાકાત લીધી હતી. સંસ્થાના અધ્યક્ષ એ.એચ. ભાગવત, આર.એચ. ભટ્ટ, રીટા મોદી અને વિઝીટીંગ ફેકલ્ટી સોનલબેને ચાર અધ્યાપકો સાથે મુલાકાત લીધી હતી અત્રેની સવલતો અને અગ્નિ સંસ્કાર વિશેનાં નવા મૂલ્યો, વિચારોથી તેઓ પ્રભાવિત થયા છે. વિદ્યાર્થીઓમાં આ અંગે જાગૃતિ લાવવા અને ખોટા ખ્યાલો, માન્યતા દૂર કરવા માટે આયોજન કરવામાં આવ્યું હતું. મુકિતધામના સ્ટાફ મેમ્બરે પણ પૂરતો સાથ સહકાર આપ્યો હતો.

# ઊંચી ઊડાન એ મારો સ્વભાવ છે..!!! બોસ.. હું સ્કૂલ ઓફ એચિવરનો વિદ્યાર્થી છું...!!!

## ગ્રાન્ડ સેલિબ્રેશનઃ ગુજરાતીઓને ગુજરાતી હોવાનું ગૌરવ થાય એવો 'દોસ્ત, હું ગુજરાત છું' નો અદ્‌ભુત કાર્યક્રમ સ્કૂલ ઑફ ઍચિવરનાં મેનેજીંગ ટ્રસ્ટી પ્રજ્ઞેશ પટેલનાં વિઝનમાં રંગેચંગે ઉજવાયો

**ઉઘડતે પડદે**
**- સંજય થોરાત**

'શાળા અમારી તિર્થભૂમિ જ્ઞાનગંગા જ્યાં વહે', આવી પ્રાર્થના વિદ્યાર્થીનાં મનમાં ગૂંજતી હોય અને એ તિર્થભૂમિ જ્યારે સ્કૂલ ઑફ ઍચિવર જેવી વિશેષણોનાં અંબાર જેને ઓછા પડે એવી હોય ત્યારે વિદ્યાર્થીઓ સિધ્ધીના શિખરે બિરાજમાન થાય જ.. 'ઉંચી ઉડાનએ મારો સ્વભાવ છે' એવું વાકય વિદ્યાર્થીઓના પાયાના શિક્ષણથી જ ઘૂંટાવતાં સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી પ્રજ્ઞેશ પટેલ અને ચેરમેનશ્રી વિનોદ પટેલે વિદ્યાર્થીઓને વિહરવા મોકળું મેદાન અને ખુલ્લું આકાશ બક્ષ્યું છે.. શાળાની રચના અદ્‌ભુત છે અને એમાં જયારે એમણે 'દોસ્ત, હું ગુજરાત છું.' કાર્યક્રમથી તો ચારચાંદ લગાવી દીધાં..

ગાંધીનગરની સાંસ્કૃતિ સંસ્થા કે સરકાર જ વિચારી શકે એવો મોટા ગજાનો કાર્યક્રમ કોઈ શૈક્ષણિક સંસ્થાએ એના આંગણે યોજ્યો હોય એવું પ્રથમવાર જ બન્યું... આવનારા મહેમાનોનું ભવ્ય આતિથ્ય સત્કાર સાથે એમને ઓડિટોરીયમની કુશન સીટ પર બેસાડી ત્યાંના ડીસ્પ્લે પર ગુજરાતનાં ખ્યાતનામ કવિ-લેખકોના સુવાક્યો સાથેનો સ્લાઈડ શૉ આનંદદાયક હતો... સ્ટેજ રચનામાં ગાંધીજી-સરદાર પટેલનાં કટ આઉટ સાથેની કુટીર, સિદી સૈયદની ઝાળી, મેળાનું ચક્કરડું, અંબે માતાનું મંદિર, નૃત્ય માટે સ્ટેજ અને આગલી હરોળમાં ગોઠવાયેલાં ખ્યાતનામ ગાયક- સંગીતકાર અને કાર્યક્રમનાં સુત્રધાર.. રોશનીની રચનાનો ઉઠાવ અને સાઉન્ડ સિસ્ટમ, 'જ્યાં જ્યાં નજર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની જેવો ઘાટ'

ગુજરાત સમાચારના જાણીતા કટાર લેખક જય વસાવડા લિખીત અને આશીષ કક્કડનાં ઘૂંટાયેલાં અવાજમાં રેલાતી દોસ્ત, હું ગુજરાતની ડૉક્યુમેન્ટ્રીથી જબરદસ્ત કાર્યક્રમની શરૂઆત... જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત અને હો રાજ મારું જીત્યું હંમેશા ગુજરાતનાં ચિરકાળ ગીતોની જોરદાર રજૂઆતની પાછળ જ સ્ક્રીન પર ગીતોને અનુરૂપ ચિત્રો ફરતા હોય.. જાણે કે ગુજરાતની અદ્‌ભુત સફર.. નર્મદે- સર્વદેનાં ગીત પર જ્યારે નૃત્ય થાય ત્યારે એની નૃત્ય ગૂંથણીમાં લીનીમા શાહની મહેનત દેખાઈ આવે છે.

ગુજરાતના પ્રથમ પંક્તિના કવિ તુષાર શુક્લ રસદર્શન કરાવે એટલે એમાં ગુજરાતના અથાણાંની અસ્સલ સોડમ મળે જ.. ગાંધીજી અને મેળવણ એ ગુજરાતની આયડેન્ટીટી છે અને ગુજરાતીઓ કદમાં વામન પણ વ્હેતીયા નથી અને પાન-પિચકારી અને મસાલાના લીધે તો હેલ્મેટ પહેરવાનું ટાળેએ ગુજરાતી.. જેવી અનેક હળવી શૈલીમાં ગુજરાતીઓનાં લક્ષણોની વાત કરતાં કાર્યક્રમનો તંતુ બાંધી રાખેલો..

ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરતાં આ કાર્યક્રમનાં દિપ પ્રાગટ્ય માટે ગુજરાત રાજયનાં સંસદ સભ્યશ્રી હરિભાઈ પાઠકે ખાસ હાજર રહી એમણે બીલકુલ લાક્ષણિક શૈલીમાં કીધું કે, 'હું પહેલા શિક્ષક અને પછી એમ.પી. છું, અને એટલે જ આ કાર્યક્રમ અને સ્કૂલમાં આવ્યો છું'. ગુજરાતીઓની ખાસીયતની વાતને એમના પરિવાર સાથે સાંકળી મોજ કરાવી અને સ્કૂલ ઑફ એચિવર મા સરસ્વતીના આરાધનાના પૂજા સ્થળ તરીકે ખ્યાતિ પામે એવી શુભેચ્છાઓ પાઠવી.. નર્મદા અમૃત ચેરિટેબલ ટ્રસ્ટનાં અમૃતભાઈ પટેલ અને રંગત ગૃપનાં નરેશ શાહનું વિશેષ સન્માન શાળાનાં આચાર્ય સતી વેણુગોપાલ અને લલિતા અબ્રાહ્મને હસ્તે કરાયું હતું.



સ્કૂલ ઑફ એચિવરનાં તૃતીય વાર્ષિક ઉત્સવ પ્રસંગે આમણે મનાવેલા રંગારંગ કાર્યક્રમનું મેનેજમેન્ટ કાબીલે દાદ રહ્યું. સ્કૂલમાં ૧૦૦થી વધુનો શિક્ષક સ્ટાફ અને ૧૫૦૦થી વધુ વિદ્યાર્થીઓથી શાળા ધમધમતી હોય અને તોય વ્યવસ્થા જુઓ તો સલામ કરવી પડે.. શાળાનું ભવ્ય બિલ્ડીંગ, રમતગમતનાં મેદાનો, લેબોરેટરી, ઑફિસ.. દરેક ઠેકાણે અત્યંત કાળજીપૂર્વકની ગોઠવણ... વિદ્યાર્થીઓને હવાઈસફરથી પ્રવાસ કરાવ્યાની વાત તો એમની શરૂઆતની ૧૦ મિનીટની ડોકયુમેન્ટ્રીમાં ખબર પડી અને એ વખતે સ્ટેજ સંચાલન કરતાં શાળાના કાઉન્સેલર કવિતા મેડમને સાંભળીએ તો એ પણ કોઈ નિષ્ણાંત એન્કરથી કમ નહોતા લાગતાં... અને એ પરથી જ સ્કૂલનાં સ્ટાફની ગુણવત્તાનું માપદંડ નીકળી જાય.

'દોસ્ત હું ગુજરાત છું' મારી છાતી પર પ્રિયદર્શી અશોકના શિલાલેખ છે. પાવાગઢની ગોદમાં પડેલું યુનેસ્કોની વર્લ્ડ હેરીટેજ સાઈટનું ચાંપાનેર છે. મારા કાળજડે ધમધમતું લોથલ જેવું બંદર છે, અને સંસ્કૃતિનાં ટીંબા નીચે અડીખમ ઊભેલું ધોળાવીરાનું નગર છે. મેં રાજા નૌસોરસ જેવાં ડાયનાસોરનાં ઈંડાઓ સાચવ્યા છે અને ગામેગામ ફિલ્મી શુંટીંગ થાય એવાં રજવાડી મહેલો ખીલવ્યાં છે. મારી ગુફાઓમાં બુધ્ધનાં ઓમ મણિપદ્મે હમને ધીરગંભીર નાદ ગુંજે છે. મારી શેરીઓમાં નવકાર મંત્રની વૈશ્વિક પ્રાર્થનાનો સાદ ગાજે છે. મારી બર્થ સર્ટિફિકેટમાં રાજકીય ઉંમર ૫૦ની હશે, પણ મારી ઉંમર કેટલી છે અમને ખુદને ખબર નથી.

આવાં અદ્‌ભુત નેરેશન સાથે ગુજરાતની અસ્મિતાને ચરિતાર્થ કરતાં વિઝ્યુઅલ દશ્યમાન થાય અને પછી એ જ સંદર્ભે ગુજરાતનાં જાણીતા ગીતો, લોકનૃત્યોની ધમાકેદાર રજૂઆત થાય. તા.૯ માર્ચે આ કાર્યક્રમ યોજાયેલો અને એ દિવસે સ્વ. ઝવેરચંદ મેઘાણીની ૬૬મી પૂણ્યતિથિ હતી અને એમને કસુંબીના રંગ ગીતની રજૂઆતથી શ્રદ્ધાંજલિ અપાઈ. આ રસઝરતાં કાર્યક્રમમાં દિપ્તી દેસાઈની મીઠાશ, દિવ્યાંગ અંજારીયાનું અલ્લડપણું, પરાગી અમરની લઢણ અને ભૂમિક શાહની ગાયકી હોય એટલે રસરંજન મીઠાઈનું પડીકું સમજો અને એમાંય કિ-બોર્ડ પર અમિત ઠક્કરની આંગળીઓ ફરતી હોય એટલે આ બધી મિઠાઈ પર જાણે ચાંદીનું વરખ ચઢતું હોય એમ જ લાગે.. અને તુષાર શુકલનું સંચાલન એટલે આ મીઠાઈ પર ભભરાવેલો સુકોમેવો... આમ તો આખાય કાર્યક્રમનું રસદર્શન કરવા હપ્તાવાર લખવું પડે એટલે અત્યારે એ મોહ જતો કરી, ફરી કયારેક આ 'દોસ્ત, હું ગુજરાત છું' રજૂ કરીશું.

સાંસ્કૃતિક કાર્યક્રમમાં હુકમનો એક્કો ઉતારનાર સ્કૂલ ઓફ એચિવરનાં વિદ્યાર્થીઓ ભણવામાંય એક્કા સાબિત થયાં છે. ઉચ્ચ પરિણામ અપાવવા માટેની તંદુરસ્ત સ્પર્ધા જ એમને પોતાની સાથે સ્પર્ધા કરવાં પ્રેરે છે. આ વર્ષે મેળવેલા ઝળહળતાં પરિણામે એમને એક મુકામ અપાવ્યો છે. પણ આવતાં વર્ષે એ નવો મુકામ પ્રસ્થાપિત કરશે અને આગળ જ વધશે એવી નેમ છે, કારણ કે કોઈ મુકામ સુધી પહોંચવા માંગતાં નથી અને એમનું લક્ષ્ય નથી તેઓ તો નવો પંથ કંડારવામાં માને છે. મેડિકલમાં કરિયર બનાવવા માટે સ્કૂલ ઓફ એચિવર આજે ફર્સ્ટ પ્રાયોરીટી બની છે. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી પ્રજ્ઞેશ પટેલ અને ચેરમેન વિનોદ પટેલને ઉમળકાથી પીઠ થાબડી બિરદાવીએ એટલું ઓછું છે.

અદ્‌ભુત ઈન્ફાસ્ટ્રકચર, કાબિલેદાદ સ્ટાફ અને મસ્ત મેનેજમેન્ટ, સરસ્વતિના ઉપાસના ધામમાં સર્વાંગી વિકાસનું લક્ષ્ય સ્કૂલ ઓફ અચિવરને હ્રદયથી વધામણાં.. સલામ.. અભિનંદન..

'દોસ્ત, હું ગુજરાત છું.' ના કાર્યક્રમમાં ગાંધીનગરનાં ગણમાન્ય લોકોને આમંત્રીને સંસ્થાના સત્કાર્યોનું સુવાસ મહેંકતી કરનારાં આ ખંતીલી ટીમને તેમનાં વિદ્યાર્થીઓ ભવિષ્યમાં એમનું જ સ્લોગન, 'ઊંચી ઉડાન એ મારો સ્વભાવ છે' સાર્થક કરી ગર્વથી કહે કે, બૉસ... હું સ્કૂલ ઑફ ઍચિવરનો વિદ્યાર્થી છું. એવી જ શુભકામના આપવી રહી. ગ્રાન્ડ સેલિબ્રેશન અને ગ્રાન્ડ સકસેસ...